# ધોરણ - 8 સંસ્કૃત

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| **શ્રવણ** | | |
| Sn801 સરળ પદ્યો (સુભાષિતો પ્રહેલિકા અને ગીતો) તેમજ ટૂંકીવાર્તા, બોધ કથા, પ્રસંગ કથા સાંભળીને સમજી શકે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સુભાષિતો<br>• પ્રહેલિકાઓ<br>• ગીતો, બાળગીતો, ઋતુગીતો<br>• ટૂંકી વાર્તા<br>• બોધકથા<br>• પ્રસંગકથાઓ તથા પ્રસંગ ગીતોનું શ્રવણ | સંસ્કૃતભાષાનું અધ્યયન કરાવતી વખતે શ્રવણ, કથન, વાંચન અને લેખન કૌશલ્યને વિકસિત કરવા અધ્યેતાને જોડી/ જૂથ/ વ્યક્તિગત રીતે એક સમાવેશી વ્યવસ્થામાં તકો પૂરી પાડી નીચે પ્રમાણે થઈ શકે તે માટે પ્રેરવા.<br>• ટેપ,ડીવીડી, કમ્પ્યુટર, મોબાઈલ દ્વારા ગીતો, સુભાષિતો તથા શ્લોકો વગેરેના ગાન શ્રવણનો મહાવરો વર્ગખંડમાં તથા પ્રાર્થનાસભામાં કરાવવો.<br>• બાળગીતો, જોડકણાં તેમજ મનોરંજક કથાઓ – ટુચકાઓ દ્વારા શ્રવણ કૌશલ્યનો અનુભવ પૂરો પાડવો.<br>• ટૂંકી વાર્તા, બોધકથા તેમજ પ્રસંગકથાઓનું શ્રવણ કરાવવું.<br>• ટીવી અને રેડિયોમાં આવતા સંસ્કૃતભાષાના સમાચારોનું શ્રવણ કરાવવું.<br>• રોજિંદા જીવનમાં ઉપયોગી વ્યવહારિક સંવાદો, સરળ વાતચીત અને ચિત્રવર્ણનનું શ્રવણ કરાવવું.<br>• ૧ થી ૧૦૦ સુધીની સંખ્યાની ફ્લેશ કાર્ડ દ્વારા અંક અને શબ્દમાં સમજ. |
| Sn802 પરિચિતો તેમજ કાલ્પનિક પરિસ્થિતિમાં થતા સામાન્ય સંવાદો સમજપૂર્વક સાંભળી શકે છે. | • જીવન ઉપયોગી વ્યાવહારિક સંવાદો. | |
| Sn803 સાદી સરળ વાતચીત અને વર્ણન સાંભળીને સમજી શકે છે. | • ટૂંકી વાતચીત\ચિત્ર વર્ણન | |
| Sn804 1 થી 100 સુધીની સંખ્યા સાંભળીને સમજી શકે છે. | • ૧ થી ૧૦૦ સુધીની સંખ્યાની સમજ | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn805 પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછી હોય તે સાથેનો સમય સાંભળીને સમજી શકે છે. | • પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછી સમયની સમજ | • ભાષાક્રીડા કતિ રે કતિ રે રમત રમાડવી. (શિક્ષક આવૃત્તિપાનાં નં- ૨૦)<br>• ઘડિયાળ દ્વારા પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછી સમયની (કલાકમાં) સમજનો મહાવરો કરાવવો.<br>• જીવન ઉપયોગી વ્યાવહારિક સંવાદો પ્રાર્થના\વર્ગખંડમાં કરાવવા. |
| **કથન** | | |
| Sn806 સરળ પદ્યો (સુભાષિતો પ્રહેલિકા અને ગીતો) નો શુદ્ધ પાઠ કરી શકશે તેમજ ટૂંકી વાર્તા, બોધ કથા, પ્રસંગ કથાઓ સમજીને કહી શકે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સુભાષિતો<br>• પ્રહેલિકાઓનું શુદ્ધ ઉચ્ચારણ સાથે ગાન અને પઠન<br>• ટૂંકી વાર્તા<br>• બોધકથા<br>• પ્રસંગકથાઓનું કથન | • વર્ગખંડમાં વિદ્યાર્થીને બોલવાનો પૂરતો અવકાશ મળે તેવી વ્યવસ્થા કરવી. જેમકે પ્રાર્થનાસભામાં મંત્રો, શ્લોકોનું વ્યક્તિગત તેમજ સમૂહગાન- પઠન તથા ટૂંકીવાર્તા, બોધકથા, પ્રસંગકથાઓનું કથન અને નાટ્યીકરણ કરાવવું.<br>• મૌખિક અભિવ્યક્તિના વિકાસ માટે દ્રશ્ય- શ્રાવ્યસાધનો, ચિત્રો તેમજ અન્ય સાધનોનો ઉપયોગ કરવો.<br>• જીવન ઉપયોગી વ્યાવહારિક સંવાદો પ્રાર્થના/વર્ગખંડમાં કરાવવા.<br>• વિદ્યાર્થીઓ પરિચય, પોતાના પરિવારના સભ્યો અંગેની માહિતી, દિનચર્યા વગેરે વર્ગ સમક્ષ રજૂ કરે તેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.<br>• વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષકે વાર્તાલાપ કરવો. કિમ્, કદા, કુત્ર, કઃ, કસ્ય, કસ્યાર્થે જેવાં પ્રશ્નવાચક સર્વનામોનો કરી ઉત્તર આપવા પ્રેરવા.<br>• બે જૂથ પાડીને તેમાં સામ સામે સાદા પ્રશ્નો પૂછવાની અને ઉત્તરો મેળવવાની સ્પર્ધા કે રમત કથન કૌશલ્યના વિકાસ માટે યોજવી. |
| | • જીવન ઉપયોગી વ્યાવહારિક સંવાદો/વાક્યો. | |
| Sn807 પરિચિત તેમજ કાલ્પનિક પરિસ્થિતિમાં સંવાદોમાંના વાકયો બોલી શકે છે. | • રોજિંદા જીવનની ટૂંકી વાતચીત/ચિત્ર વર્ણન | |
| Sn808 સાદી સરળ વાતચીત અને વર્ણનને લગતા ચાર વાકયો બોલી શકે છે. | • ૧ થી ૧૦૦ સુધીની સંખ્યા | |

DRAFT

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn809 1 થી 100 સુધીની સંખ્યા સમજીને બોલી શકે છે. | • પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછી સમયની સંખ્યા | • ૧ થી ૧૦૦ સુધીની સંખ્યાનું ફ્લેશ કાર્ડ દ્વારા અંક અને શબ્દમાં કથન.<br>• ભાષાક્રીડા 'કતિ રે કતિ...' રમત રમાડવી. (શિક્ષક આવૃત્તિ પાનાં નં-૨૦)<br>• ઘડિયાળ દ્વારા પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછી સમયના (કલાકમાં) કથનનો મહાવરો કરાવવો. |
| Sn810 પાંચ અને દસ મિનિટ વધારે કે ઓછી હોય તે સાથેના સમયનું કથન કરી શકે છે. | | |
| **વાંચન** | | |
| Sn811 સંધિયુક્ત શબ્દો સાથેના સ્વતંત્ર વાક્યો તેમજ નાના ફકરાઓનું શુદ્ધ વાંચન કરી શકે છે. અને સમજે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• સંધિ યુક્ત શબ્દો સાથેના વાક્યો/ફકરાનું શુદ્ધ વાંચન | • બે મિત્રો વચ્ચે, વેપારી અને ગ્રાહક વચ્ચે, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે, કંડકટર અને મુસાફર વચ્ચેના વાર્તાલાપો તૈયાર કરી તેનું વાંચન રોલપ્લેના સ્વરૂપમાં કરાવવું,<br>• વાંચન ક્ષમતાના વિકાસ માટે ઉપયોગી હોય એવી ભાષા રમતો વર્ગખંડમાં મુક્ત રીતે રમાડવી.<br>• જેમકે જાદુઈ કોથળીમાંથી ચિઠ્ઠી ઉપાડી જે શબ્દ કે વાક્ય આવે તે વાંચી સંભળાવવું તથા અભિનય કરાવવો.<br>• ક્રિયાપદોના ફ્લેશકાર્ડ્સ બતાવવા, વિદ્યાર્થીઓ તેને વાંચે અને સમૂહમાં તે પ્રમાણે ક્રિયા કરે.<br>• વર્ગ અને શાળાકક્ષાએ આદર્શવાંચનની સ્પર્ધા યોજવી.<br>• વાંચનરુચિ જગાડવા ફલક પર નવાનવા સુભાષિતો લખીને તેનું વાંચન અને ગાન કરાવવું. |

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | | • વિસર્ગ, અનુનાસિક, હલન્ત પદોનું પઠન કરાવવું.<br>• ૧ થી ૧૦૦ સુધીની સંખ્યાનું વ્યક્તિગત અને સમૂહમાં વાંચન કરાવવું. |
| Sn812 ગદ્યઅંશોનું આરોહ-અવરોહ અને હાવભાવ સાથે વાંચન કરી શકે છે. | • ગદ્યખંડનું વાંચન | |
| Sn813 સાદી સરળ વાતચીત અને વર્ણનને લગતા ચાર જેટલા પદ વાળા વાક્યો વાંચી શકે છે. | • સાદી અને સરળ વાતચીત તેમજ વર્ણનને લગતા વાકયોનું વાંચન | |
| Sn814 એક થી સો સુધીની સંખ્યા વાંચી શકે છે. | • ૧ થી ૧૦૦ સુધીની સંખ્યાનું પઠન | |
| Sn815 ઘડિયાળમાં જોઇને પાંચ કે દસ મિનિટ ઓછી કે વધારે વાળા સમયનું વાંચન કરી શકે છે. | • પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછી સમયની સંખ્યાનું પઠન | |
| લેખન | | |
| Sn816 સાદા તેમજ જોડાક્ષર યુક્ત પદો સાથેના વાક્યો તથા પરિચ્છેદનું અનુલેખન કરી શકે છે. | વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારના<br>• જોડાક્ષર યુક્ત શબ્દો સહિતના વાક્યો તથા ફકરાનું અનુલેખન | • જોડાક્ષરોના અનુલેખનની પ્રવૃત્તિ કરાવવી. ખાસ કરીને દેવનાગરી લિપિમાં કેટલાક સંયુક્તાક્ષરો વિશિષ્ટ રીતે લખાય છે. જેનો મહાવરો કરાવવો.<br>• ફ્લેશ કાર્ડ્સ અથવા ચાર્ટ્સમાં ભૂલો થવાની સંભાવના હોય તેવા શબ્દો બતાવવા તથા બાદમાં તેનું શ્રુતલેખન કરાવવું.<br>• શ્રુતલેખન દ્વારા અંકોને શીઘ્રતાથી લખવા, જોડીકાર્યમાં ઝડપી શબ્દ લખવાની સ્પર્ધા, સુભાષિત લેખનની સ્પર્ધા યોજવી.<br>• દિનચર્યા, પ્રસંગવર્ણન તથા કથાને લગતા વાક્યોનું સ્વતંત્ર લેખન કરાવવું. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | | • વિદ્યાર્થીઓ અંક કાર્ડ અને શબ્દ કાર્ડને જોડી લેખન કરે.<br>• લેખનકાર્યમાં ચોકસાઈ માટે બુલેટિન બોર્ડમાં સંસ્કૃતભાષાના સરળ સુભાષિતો સૂક્તિઓ લખાવવી.<br>• કંઠસ્થ થયેલા સુભાષિતોનું લેખન કરાવવાનો અભ્યાસ કરાવવો. |
| Sn817 સાદા તેમજ જોડાક્ષર યુક્ત પદો સાથેના વાક્યો તથા પરિચ્છેદનું શ્રુતલેખન કરી શકે છે. | • જોડાક્ષર યુક્ત શબ્દો સહિતના વાક્યો તથા ફકરાનું શ્રુતલેખન | |
| Sn818 પાઠ્યપુસ્તકના આધારે તેમજ વ્યાવહારિક વાતચીત, ફકરા, કાવ્યપંક્તિ વગેરેના આધારે પૂછે.લા સાદા પ્રશ્નોના જવાબ સંસ્કૃતમાં લખી શકે છે. | • પ્રશ્નોના જવાબનું સંસ્કૃતમાં લેખન | |
| Sn819 દિનચર્યા, પ્રસંગ વર્ણન તથા કથાને લગતા વાક્યોનું સ્વતંત્ર લેખન કરી શકે છે. | • દિનચર્યા, પ્રસંગ વર્ણનને લગતા વાકયોનું સ્વતંત્ર લેખન | |
| Sn820 એક થી સો સુધીની સંખ્યા શબ્દોમાં અને અંકોમાં લખી શકે છે. | • ૧ થી ૧૦૦ સુધીની સંખ્યાનું લેખન | |
| Sn821 પાંચ અને દસ મિનિટ વધારે કે ઓછા હોય તેવા સમયનું લેખન શબ્દોમાં અને અંકોમાં કરી શકે છે. | • પાંચ કે દશ મિનિટ વધારે કે ઓછા સમયની સંખ્યાનું લેખન | |
| Sn822 ઉદાહરણના આધારે સંસ્કૃત ભાષામાં નવા શબ્દો તથા વાક્યો લખી શકે છે. | • ગુજરાતી શબ્દો તથા વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ<br>• ચિત્ર અને ક્રિયા આધારિત શબ્દો તથા વાક્ય લેખન | |
| Sn823 સરળ ગુજરાતી શબ્દો તથા વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરી શકે છે. | • વ્યાવહારિક વ્યાકરણનું લેખન<br>• નવા શબ્દોનું સર્જન અને લેખન<br>• સુભાષિત કે પદ્ય લેખન | |
| Sn824 ચિત્રો ના આધારે એ વસ્તુનું નામ કે ક્રિયા ઓળખે અને સંસ્કૃતમાં લખી શકે છે. | • વિવિધ ચિત્રદર્શન અને લેખન. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn825 ચિત્રો, સારણી, કોષ્ટક, સમયપત્રક, જાહેરાત વગેરેના આધારે સંસ્કૃતમાં વાક્યો લખી શકે છે. અને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકે છે. | • ચિત્ર, સારણી, કોષ્ટક, સમયપત્રક, જાહેરાત વગેરેનું વર્ણન | |
| Sn826 કંઠસ્થ કરેલ સુભાષિત કે પદ્યના કોઈ ભાગનું લેખન કરી શકે છે. | • સુભાષિત કે પદ્ય લેખન | |
| Sn827 સંભાષણ માટે આવશ્યક વ્યવહારિક વ્યાકરણની લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | • વ્યવહારિક વ્યાકરણ<br>• પરિચય, સર્વનામ, ક્રિયાપદ, અવ્યય. કૃદંત, સંધિ, વિભક્તિ, કાળની સમજ. | |
| **ભાવાત્મક વિકાસ** | | |
| Sn828 પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુના આધારે ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યો અંગે જાગૃત થશે તેમજ તેના પાલન માટે તત્પરતા કેળવે છે. (6 અને 7 ની યાદી ઉપરાંત સારી દિનચર્યા, યોગ્ય વસ્તુનો યોગ્ય સ્થાને ઉપયોગ, આત્મશ્રદ્ધા અને આરોગ્ય બાબતે સભાનતા વગેરે.....) | • દીપપ્રાગટ્ય દ્વારા જન્મદિવસની ઉજવણી<br>• મૂલ્યસંવર્ધન માટેનાં પૌરાણિક નાટકો.<br>• માતૃ-પિતૃ દિનની ઉજવણી<br>• મહાપુરુષોના ચરિત્રો કહેવાં.<br>• વિદ્યાર્થીની મૂલ્યનિષ્ઠાને સમૂહમાં બિરદાવવી.<br>• શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે યોગ – પ્રાણાયામ, ધ્યાન તથા સુચરિત્રો તેમજ સુભાષિતોનું કથન.<br>• યોગ શિબિરની મુલાકાત<br>• | • ભારતીય સંસ્કૃતિના સનાતન મૂલ્યોના વિકાસ માટે પ્રાર્થના સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઉત્સવોની ઉજવણી તથા વર્ગખંડમાં મહાપુરુષોના જીવન પ્રસંગની વાર્તા, નાટ્યીકરણ, સંવાદ, એકપાત્રીય અભિનય અને રોલ પ્લે જેવી પ્રવૃત્તિ કરાવવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| Sn829 સંસ્કૃત ભાષામાં સામાન્ય વ્યવહારમાં ઉપયોગી સંભાષણ કરી શકે છે. | • રોજબરોજની દિનચર્યામાં શ્લોકોનો સમાવેશ,<br>• દૈનિક ક્રિયાઓ માટે સાદા સંસ્કૃત વાક્યોનો પ્રયોગ. | |
| Sn830 સંસ્કૃત ભાષાના વ્યવહારિક વ્યાકરણ અને માતૃભાષાના વ્યાકરણ વચ્ચેની સામ્યતા જાણી શકે છે. | • પુરુષ, કાળ, વચન, લિંગ, સંખ્યા વગેરે... | |

DRAFT